ગાંધીનગર સમાચાર

પેથાપુરમાં વધુ ૧ કોલેરા પોઝીટીવનો કેસ

**ગાંધીનગરના વ્યાજખોરો બેફામ**

# વ્યાજખોરોની ધમકીઓથી ત્રસ્ત ૬૩ વર્ષીય વૃધ્ધનો આપઘાત

**પેપ્સીની બોટલમાં દવા ભેળવીને ગટગટાવી લેતા કોલવડાના વૃધ્ધનું મૃત્યુ : ૧૭ લાખની પઠાણી ઉઘરાણી કરાતા સાત વ્યાજખોરોના નામ સાથે વૃધ્ધે લખેલી સ્યુસાઈડ નોટ મળી**

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરમાં વ્યાજખોરોનો આતંક બેરોકટોક વધી રહ્યો છે. બેફામ બનેલા વ્યાજખોરોની પઠાણી ઉઘરાણી અને સતત આપવામાં આવતી ધમકીઓથી કંટાળીને અગાઉ પણ આપઘાત કરી લીધાના બનાવો બનવા પામ્યા છે. તાજેતરમાં તો ફાયરીંગની ઘટના પણ બનવા પામી હતી તેનો પણ આરોપી હજુ પોલીસ પકડથી બહાર છે. ત્યારે હવે તો વ્યાજખોરો વૃધ્ધની પાસે પણ પઠાણી ઉઘરાણી કરતા હોવાનું ધ્યાને આવ્યું છે. કોલવડાના એક ૬૩ વર્ષીય વૃધ્ધે કંટાળીને સાત વ્યાજખોરોના નામ સાથેની સ્યુસાઈડ નોટ લખી પેપ્સીની બોટલમાં દવા ભેળવી ગટગટાવી લઈ મોડી રાત્રે આપઘાત કરી લીધો હોવાની ઘટના બનતા ચકચાર મચી જવા પામી છે.

કોલવડા ગામના ઠાકરવાસમાં રહેતા ૬૩ વર્ષીય વૃધ્ધ કૃષ્ણકાન્તભાઈ દશરથલાલ ઠાકરે

● અનુસંધાન પાન-૭ પર

## અગાઉ પણ આપઘાતનો પ્રયાસ કર્યો હતો વ્યાજના ચુંગાલમાં ફસાઈ ગયા બાદ વૃધ્ધ બહાર જ ના નીકળી શકયા..!

કોલવડાનાં કૃષ્ણકાન્તભાઈ ઠાકરના દિકરાને ઘ-૬ પાસે ઝેરોક્ષની દુકાન છે. કયારેક કૃષ્ણકાન્તભાઈ પણ ત્યાં બેસતા હતા. અને વ્યાજખોરો દુકાને આવીને પણ ગાળાગાળી કરીને ધમકીઓ આપી ગયા હોવાનું જાણવા મળ્યું છે. પાંચેક માસ પહેલા પણ આ જ ત્રાસથી કૃષ્ણકાન્તભાઈએ દવા પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જો કે સમયસર સારવાર મળી જતાં તે બચી ગયા હતા. તે સમયે પણ એક ફાયનાન્સર સામે પેથાપુર પોલીસે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી કરી હતી જો કે વૃધ્ધ વ્યાજના ચુંગાલમાં ફસાઈ ગયા બાદ બહાર જ આવી શકયા નહી અને અંતે તેમના ત્રાસથી કંટાળી જીવન લીલા સંકેલી નાંખી...!



રે પંખીડા... - કવિ કલાપીની પ્રસિદ્ધ કવિતા આ દૃશ્ય જોતા જ મન છવાય જાય છે... ભારતીય સંસ્કૃતિમાં આજે પણ અબોલ પક્ષીઓ માટે ચણના દાણા નાખવાની પરંપરા યથાવત છે... ગામમાં ચબૂતરો હોય અને ચબૂતરે સૌ દાણા શક્તિ-ભક્તિ પ્રમાણે નાંખે... જ્યારે શહેરમાં નાનકડી જગ્યામાં પણ પક્ષીઓ માટે ચણ નાખવા સેવાભાવીઓ તૈયાર હોય છે...

# ચોમાસા પૂર્વે મનપા શહેરમાં ખાસ સફાઈ ઝુંબેશનું આયોજન કરશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં આગામી દિવસોમાં ચોમાસા પૂર્વે સફાઈનું એક વિશેષ અભિયાન મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં જાહેરમાં શૌચક્રિયા કરનાર સામે દંડનીય કાર્યવાહી કરવાના લેવાયેલા નિર્ણય પરની ચર્ચા દરમ્યાન શહેરમાં સ્વચ્છતા અંગે એક વિશેષ અભિયાન યોજવાની લાગણી સભ્યોએ વ્યક્ત કરી હતી અને તંત્રના અધિકારીઓએ તે માટેનું તાત્કાલિક આયોજન કરી અમલ કરવાની ખાત્રી આપી હતી.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ સેકટરોના આંતરિક માર્ગોની સફાઈ ઉપરાંત જાહેર સંસ્થાનો જ્યાં જ્યાં આવેલા તેની સફાઈ માટે ખાસ અભિયાન હાથ ધરાશે. આ ઉપરાંત ચોમાસા દરમ્યાન વરસાદી પાણીનો ઝડપી નિકાલ થાય તેમજ ભૂગર્ભ ગટરલાઈનો ચોક-અપ ના થાય તે માટે પણ જરૂરી સફાઈ કરવા માર્ગ-મકાન વિભાગ સાથે ડે. મ્યુનિ. કમિશનર દ્વારા બેઠક યોજવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા વિશેષ સફાઈ અભિયાનનું આયોજન આગામી સપ્તાહના આરંભે જ આખરી કરી દેવાશે અને તે માટેનું ખાસ મોનીટરીંગ પણ કરાશે તેમ આ સૂત્રોએ જણાવ્યું છે.

શહેરમાં હાલ જે ભીનો અને સુકો કચરો મિશ્ર આપવામાં આવે છે તેને બદલે બન્ને અલગ-અલગ આપવામાં આવે તે માટે પણ આ અભિયાન દરમ્યાન ખાસ ઝુંબેશ તરીકે સાંકળી લેવાનું આયોજન હોવાનું આ સૂત્રોએ જણાવ્યું છે.

આ ઉપરાંત વન વિભાગ હસ્તકની જગ્યાઓ જે છે તેમાં વન વિભાગને પણ સફાઈ ઝુંબેશ હાથ ધરવા માટે તાકીદ કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

# પંચાયતના કોંગી સભ્યોમાં મનમેળ કરાવવા પ્રદેશ નેતાગીરી મેદાનમાં

**પક્ષાંતરધારાની અરજીમાં મુદત દરમ્યાન જ પ્રદેશ નેતા બાલુભાઈ પટેલે સમાધાનના પ્રયાસો કરાશે તેવા સંકેત આપ્યા હતા**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં સત્તાધારી પક્ષમાં અસંતુષ્ટોને મનાવી લેવા માટે હવે પ્રદેશ સમિતિએ દરમ્યાનગીરી કરવાનો નિર્ણય કર્યો છે અને આગામી સપ્તાહમાં આ દિશામાં મહત્વની કામગીરી થશે તેવા સંકેતો રાજકીય વર્તુળોમાંથી સાંપડ્યા છે.

જિલ્લા પંચાયતમાં સમિતિઓની રચનામાં મેન્ડેટનો ભંગ કરી બળવો કરનારાઓ સામે કરાયેલ પક્ષાંતર ધારાની અરજીમાં છેલ્લી મુદતે પ્રદેશ નેતા શ્રી બાલુભાઈ પટેલ હાજર રહ્યા હતા અને તેમણે મુદતની માંગણી કરવા બન્ને પક્ષને સમજાવ્યા હતા. આ પછી એક સપ્તાહમાં જ સમાધાનના પ્રયાસો કરાશે તેવી હૈયાધારણ બન્ને જૂથોને આપવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે પ્રદેશ નેતાગીરીએ દરમ્યાનગીરી કરવાના આપેલા સંકેતો પછી રાજકીય ગતિવિધિ લગભગ મંદ પડી છે.

સમાધાન ના થાય તો પક્ષ સાથે છેડો ફાડી બળવા માટેનું મન બનાવનાર સભ્યોની સંખ્યા પણ ૧૦ થી વધુ હોવાથી પ્રદેશ નેતાગીરી વધુ સક્રિય બની છે. આમેય ભાજપ કોંગ્રેસ તેના ભારથી તુટે તેની રાહ જોઈ બેસેલ છે. હાલ કોંગ્રેસ પાસે ૨૪ સભ્યો છે જ્યારે ૧ બેઠક ખાલી પડેલ છે.

જિલ્લા પંચાયતમાં મનરેગાનું લેબર બજેટ નામંજૂર થઈ આવેલુ પડ્યુ છે તેને મંજૂર કરાવવુ પણ જરૂરી છે તેમજ સામાન્ય સભા આગામી દિવસોમાં અર્થાત આ માસના અંત સુધીમાં બોલાવવાની થાય તે બધી જ સ્થિતિઓને ધ્યાને રાખી હવે પ્રદેશ સમિતિ ગાંધીનગર જિલ્લા પંચાયતના સભ્યોને એકસૂર કરવા માટેના પ્રયાસો હાથ ધરશે.

મળતી વિગતો પ્રમાણે ૧૩મીએ જ પક્ષના કેટલાક સિનીયર આગેવાનો ગાંધીનગર આવી રહ્યા છે અને આ મુદ્દે સમાધાનના ચાલી રહેલા પ્રયાસોને આખરી ઓપ આપી દેવાશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લા પંચાયતના સભ્યોમાં મનમેળ માટે પ્રદેશ નેતાગીરી હવે સક્રિય બની ગઈ છે. તેણે જિલ્લાના કેટલાક આગેવાનો સાથે ચર્ચાનો દોર પણ ચલાવ્યો છે. આ ઉપરાંત બળવો કરનાર સભ્યો સાથે પણ અલગથી બેઠક કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

બળવો કરનાર સભ્યોને પક્ષે પહેલાં નોટીસ પણ આપી હતી જો કે આ પછી પણ મામલો શાંત ના થતાં હવે પ્રદેશ નેતાગીરીએ મામલો તેના હસ્તક લઈ લીધો છે.

# ટ્રાન્સપોર્ટના વાહનોમાં હાઈસિકયુરીટી નંબર પ્લેટ નહીં હોય તો દંડ કરાશે

**આર ટી ઓ દ્વારા આગામી જુલાઈ મહીનાથી દંડ વસુલી કરવામાં આવશે**

ગાંધીનગર તા ૧૧

વાહનોમાં હાઈસિક્યુરીટી નંબર પ્લેટ ન હોય તેવા કિસ્સામાં આર ટી ઓ તંત્ર દ્વારા દંડ વસુલી કરવામાં આવશે. વાહનોમાં હાઈસિકયુરીટી નંબર પ્લેટ ફરજિયાત કરવામાં આવી છે. ત્યારે આર ટી ઓ કચેરીમાં આ પ્રકારની નંબર પ્લેટ ફિટ કરવા માટે આર ટી ઓ કચેરીમાં અલગ કાઉન્ટર પણ કાર્યરત છે.

આર ટી ઓ કચેરી હાઈટેક બનવાની સાથે વાહનચાલકો માટે ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક, સહીતની અદ્યતન સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. આર ટી ઓ કચરી દ્વારા વાહનોમાં હાઈસિકયુરીટી નંબર પ્લેટ ફીટ કરવામાં આવી રહી છે. નવા વાહનોની નોંધણીના અંતે એચ એસ આર પી નંબર પ્લેટ ફીટ કરવામાં આવે છે. જયારે આર સટી ઓ કચેરી દ્વારા જુના વાહનોમાં હાઈસિકયુરીટી નંબર પ્લેટ ફીટ કરવા માટે

● અનુસંધાન પાન-૭ પર

# અમદાવાદમાં રથયાત્રાની તડામાર તૈયારી શરૂ : શ્રદ્ધાળુઓમાં ઉત્સાહ

અમદાવાદ, તા. ૧૧

ભગવાન જગન્નાથની રથયાત્રા આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે મંદિરની આસપાસ જોરદાર તૈયારીઓ ચાલી રહી છે. એક બાજુ મંદિરના રથ તૈયાર કરવાની કામગીરી અંતિમ તબક્કામાં પહોંચી ચુકી છે. બીજી બાજુ મંદિરમાં તૈયારીઓનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. તૈયારીઓની શરૂઆત પવિત્ર ઉપેણા બનાવવાની કામગીરીથી થઈ છે.

આ ઉપેણા રથયાત્રામાં ભાગ લેનાર લાખો શ્રદ્ધાળુઓને આપવામાં આવે છે. આ પ્રસાદનું ખાસ મહત્વ રહેલું છે. હજારો મીટર કાપડમાંથી ઉપેણા તૈયાર કરવામાં આવે છે. રથયાત્રાના સંદર્ભમાં સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે, હાલમાં મંદિરમાં ભગવાનની જળયાત્રાની તૈયારી ચાલી રહી છે. ૨૦મી જૂનના દિવસે જળયાત્રા યોજાશે જેમાં ભગવાનનું જળાભિષેક કરવામાં આવશે.

# પેથાપુરમાં વધુ ૧ કોલેરા પોઝીટીવનો કેસ

**તંત્ર આ સપ્તાહમાં ન.પા.ના તંત્ર સાથે અલગથી બેઠક કરી પગલાં માટે આગ્રહી બનશે**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરના સીમાડે આવેલ પેથાપુરમાંથી આજે વધુ એક કોલેરા પોઝીટીવનો કેસ મળી આવતાં આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે ૨૦ વર્ષીય યુવતીને આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે પરીક્ષણ દરમ્યાન કોલેરા પોઝીટીવ જણાઈ આવ્યો હતો. તંત્રએ આ રિપોર્ટના આધાર બનાવી તાત્કાલિક સર્વેલન્સના આદેશો જારી કરી દીધા છે.

એક એવી પણ વાત ચર્ચાય છે કે બે દિવસ પહેલાં પેથાપુરના કેટલાક વિસ્તારોમાં ટેન્કરથી પાણી આપવુ પડ્યુ હતુ તેમાં ક્લોરીનેશન થયેલુ હતુ કે કેમ તેને લઈ શંકા-કુશંકાઓ થઈ રહી છે.

દરમ્યાન પેથાપુરની આ યુવતી હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને તેની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળેલ છે.

પેથાપુરમાંથી છેલ્લા પખવાડિયામાં કોલેરા પોઝીટીવનો આ બીજો કેસ મળતાં આરોગ્ય તંત્ર ચોંકી ઉઠ્યું છે. પેથાપુરની નજીક આવેલ ગામ રાંધેજા કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર થયેલુ છે એટલે તંત્ર હવે મળેલા આ બીજા કેસને લઈ ગંભીર બનેલ છે.

પેથાપુર શહેરમાં પાણીનો મુદ્દો સતત વિવાદમાં રહેવા પામેલો છે. તેથી તંત્ર આ મુદ્દે આગામી દિવસોમાં નગરપાલિકા સત્તાવાળાઓ સાથે અલગથી બેઠક પણ કરે તેવી સંભાવનાઓ છે.

ચાલુ સિઝનમાં કોલેરાના કેસો આ કેસ સાથે ૧૭ પર પહોંચી છે. ૨૦૧૩ પછી આટલી મોટી સંખ્યામાં કેસો મળી આવ્યા છે તેથી તંત્ર પણ હવે ચિંતાતુર બન્યુ છે.

# સે-૧૩ ખાતે ચ-૧ કક્ષાના સરકારી આવાસમાં ગેલેરીમાંથી પોપડુ પડયુ

**રહીશોના જીવ પડીકે બંધાયા : આવાસોનુ રિનોવેશન હાથ ધરવા પ્રબળ માંગ**

ગાંધીનગર તા ૧૧

શહેરના સરકારી આવાસોમાં પોપડા ખરવાનો સિલસિલો યથાવત છે. સેકટરોમાં સરકારી આવાસમાં રહેતા રહીશોના માથે ખતરો ઝળુંબી રહયો છે. આવાસોમાં છત તેમજ સાઈડની દિવાલોમાં પ્લાસ્ટર ટકતુ ન હોવાથી ગમે ત્યારે પોપડા ઉખડી જાય છે. આ સ્થિતિમાં વસાહતીઓએ સતત ભયના ઓથા હેઠળ રહેવાનો વારો આવ્યો છે. સે-૧૩ના ચ-૧ કક્ષાના એક આવાસમાં પણ ગેલેરીની છતમાંથી પોપડુ ખર્યુ હતુ. જો કે સદનસીબે કોઈને ઈજા થવા પામી ન હતી. સેકટરમાં સરકારી આવાસોના રીનોવેશન ત્વરિત અસરથી હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.



શહેરમાં એકબાજુ સરકારી આવાસો નવા બાંધવા માટે કરાડો રૂપિયાનો ખર્ચ થઈ રહયો છે. હાલ નવી ટાવર કોલોની બાંધવા માટેનુ કામ પણ પુરજોશમાં ચાલી રહયુ છે. ત્યારે દાયકાઓ જુના સરકારી આવાસોની હાલત ભયજનક છે. શહેરમાં અંદાજિત ૧૬ હજાર જેટલા સરકારી આવાસો છે. ત્યારે મોટાભાગના આવાસો ભયજનક હાલતમાં છે. સરકારી આવાસોની છતમાંથી પોપડા ખરતા હોવાના અનેકવાર ધ્યાને આવ્યુ છે. જયારે આવાસમાં છતમાંથી પોપડા ખરતા રહીશોને ઈજા થઈ હોવાનુ પણ પ્રકાશમાં આવ્યુ છે. દાયકાઓ જુના સરકારી આવાસોમાં એકબાજુ રિનોવેશનની કામગીરી પણ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહી છે. પરંતુ વર્ષો

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાતમાં ચૂંટણી જીતવાનો એક જ નિર્ધાર : કોંગ્રેસ

અમદાવાદ,તા. ૧૧

કોંગ્રેસ પક્ષના પ્રદેશ પદાધિકારીઓ, જિલ્લા પ્રમુખો, જિલ્લા પંચાયતના પ્રમુખો-ઉપપ્રમુખો કોરોબારીના અધ્યક્ષો, જિલ્લા પંચાયત મહાનગરપાલિકાના નેતાઓ અને નિવનિયુક્ત જિલ્લા નિરીક્ષકોની આજ રોજ રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલ બેઠકમાં મરાગદર્શન આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસના જવાબદાર કાર્યકર તરીકે આપણો એક જ નિર્ધાર ૨૦૧૭ વિધાનસભાની ચૂંટણી જીતવાનો હોવો જોઈએ.

આ માટે આપણે સંગઠનને મજબૂત બનાવવા પર ભાર મુકવો પડશે. આગામી એક મહિનામાં જે જિલ્લા કોંગ્રેસ સમિતિમાં નિમણૂંક પ્રક્રિયા બાકી હશે ત્યાં રચના પૂર્મ કરવામાં આવે. જેમાં યુવાનો અને મહિલાોને વધુને વધુ પ્રાધાન્ય આપવાનું રહેશે. કોંગ્રેસ પક્ષનો ઈતિહાસ ૧૩૦ વર્ષ જુનો છે ત્યારે આપણા ભવ્ય વારસાને આજની સમક્ષ ઉજાગર કરવો જરૂરી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, ભાજપ બેફામ ભ્રષ્ટાચાર કરે છે અને રૂપિયાનો ઉપયોગ ચૂંટણીમાં કરે છે ત્યારે આપણે કોંગ્રેસના જવાબદાર કાર્યકર તરીકે જોમ અને જુસ્સા સાથે સામનો કરવાનો છે. લોકદરબાર જિલ્લા કક્ષાએ સફળતા સાથે વ્યાપક પ્રજા સહયોગ મળ્યો છે. બાકીના જિલ્લમાં પણ લોકદરબાર પૂર્મ થાય ત્યારબાદ તાલુકા કક્ષા સુધી લોકદરબારના કાર્યક્રમ યોજવાનો છે. કુપ્રચાર કરીને ગાંધી નહેરુ પરિવારની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવી એ હાલ ઝાપ આરએસએસનો મુખ્ય અને એકમાત્ર એજન્ડા છે.

**સ્મરણાંજલિ**



**સ્વ. ડી. એન. પટેલ**

મરણ અહિં છો રહ્યું,
સ્મરણમાં જીંદગી વહે...

સદ્દગતના આત્માને શાંતિ માટે
પરમાત્માને પ્રાર્થના....

**કૃષ્ણકાન્ત જહા**
ગાંધીનગર સમાચાર

**જોઈએ છે**

સોરઠ કારડિયા રાજપૂત પ્રાથમિક / માધ્યમિક શાળામાં ધોરણ - ૮ / ૯ / ૧૦ /૧૧ માં સંસ્કૃતિ / ગુજરાત ભણાવી શકે તેવા શિક્ષક જોઈએ છે. (અનુભવી / બિનઅનુભવી)

લાયકાત : B.A. /M.A., B.Ed. (સંસ્કૃત સાથે)

સમય : સવારે ૮.૦૦ થી બપોરના ૧૨.૦૦
સંપર્ક : (ઓ) ૦૭૯-૨૩૨૪૫૮૫૩ (મો.) ૯૯૨૪૬૩૬૦૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT | Kisan | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com